**ઇ-મેઇલ દ્વારા**

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૩૦/૨૨, તા.૧૬/01/૨૦૨૩

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.0૪/0૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.0૯/01/૨૦૨૩ થી તા.૧૫/01/૨૦૨૩ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.

૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.

૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.

૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.

૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.

૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.

૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.

૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.

૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.

૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.

૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.

૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.

૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.

૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.

૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.આર.સિંઘાલ )**
નાયબ પોલીસ અધિક્ષક
I/C મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

# લોકલ ક્રાઇમ બ્રાન્ચ
# ભાવનગર

આઝાદી કા અમૃત મહોત્સવ

## ઇ-ગુજકોપ પોકેટ કોપ એપ્લીકેશન દ્વારા સુરત શહેર સરથાણા પોલીસ સ્ટેશનના વાહન ચોરીનો વણશોધાયેલ ગુન્હો તથા ચોરી થયેલ મો.સા. શોધી કાઢતી લોકલ ક્રાઇમ બ્રાન્ચ ભાવનગર તથા પેરોલ ફર્લો સ્કવોડની પોલીસ ટીમ

---

તારીખઃ-૧૦/૦૧/૨૦૨૩

પોલીસ મહાનિરીક્ષક શ્રી ગૌત્તમ પરમાર સાહેબ, ભાવનગર રેન્જ, ભાવનગર તથા પોલીસ અધિક્ષક શ્રી, ડો. રવિન્દ્ર પટેલ સાહેબે ભાવનગર, લોકલ કાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સપેક્ટર શ્રી પી.બી. જાદવ, પો.સબ.ઇન્સ. શ્રી બી.એચ.શીંગરખીયા, શ્રી પી.બી.જેબલીયા તથા પેરોલ ફર્લો સ્કવોડના માણસોને ભાવનગર શહેર ગ્રામ્ય વિસ્તારમાંથી વણશોધાયેલ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સખત સુચના આપેલ.

આજ રોજ ભાવનગર એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડના માણસો ભાવનગર શહેર / ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા આ દરમ્યાન ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડના હેડ કોન્સ. હિરેનભાઇ હમલભાઇ સોલંકી તથા પો.કોન્સ.નિતીનભાઇ કનુભાઇને બાતમીરાહે હકિકત મળેલ કે., એક ઇસમ બેલા ગામ તરફથી ખુટવડા તરફ એક્ટીવા સ્કુટર લઇને આવી રહેલ છે અને તે એક્ટીવા સ્કુટર મજકુરે ચોરી અથવા છળકપટથી મેળવેલ છે. જે હકિકત આધારે બાતમી વાળી જગ્યાએ પંચોની હાજરીમાં તપાસ કરતા એક ઇસમ મછુન્દર દાનાભાઇ સોલંકી ઉ.વ-૨૭ ધંધો મજુરી રહે બીલા ગામ પ્લોટ વિસ્તાર તાબે ખુંટવડા તા જેસર જી ભાવનગર વાળો ગ્રે કલરનુ એક્ટીવા સ્કુટર રજી. નં.- GJ-05-FU-6066 લખેલ જેના એન્જીન નંબર JF50EG0391357 તથા ચેસીસ નંબર ME4JF50ALKG391349 નુ મળી આવેલ હોય તેમજ મજકુર પાસે ગાડીના આધાર પુરાવા ન હોય તેમજ અન્ય વાહનો બાબતે પુછતા પોતે બીજુ વાહન પોતાના ઘરે રાખેલ હોવાનુ જણાવતો હોય જેથી મજકુરના ઘરેથી અન્ય મો.સા. કાળા કલરનુ હીરો હોન્ડા સ્પલેન્ડર મો.સા જેની આગળ પાછળ નંબર પ્લેટ લગાડેલ ન હોય જેનો ચેસીસ નંબર સ્પષ્ટ બતાતા નથી તેમજ એન્જીન નંબર જોતા HA10EA9HJ70874 છે જે બંને વાહનોના મજકુર પાસે આ.સી.બુક તથા કાગળો ન હોય પોતે છળકપટથી અથવા તો ચોરી કરેલની શંકા જતા મજકુર પાસેથી શકપડતી મિલ્કત ગણી કબ્જે કરેલ છે. તેમજ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ ખુટવાણા પો.સ્ટે.માં સોંપેલ છે.

સદરહુ મોટર સાયકલોની ઇ ગુજકોપની પોકેટ કોપ એપ્લીકેશન દ્વારા તપાસ કરતા GJ-05-FU-6066 ની સુરત શહેર સરથાણા પોલીસ સ્ટેશનમાં ચોરી થયાનો ગુન્હો નોંધાયેલ છે.

**મળી આવેલ મુદ્દામાલ :-**

(૧) ગ્રે કલરના એક્ટીવા સ્કુટર GJ-05-FU-6066 ,એન્જીન નંબર JF50EG0391357 તથા ચેસીસ નંબર ME4JF50ALKG391349 ના હોય જેની કિ.રૂ ૩૫,૦૦૦/-

(૨) કાળા કલરનુ હીરો હોન્ડા સ્પલેન્ડર મો.સા જેની આગળ પાછળ નંબર પ્લેટ લગાડેલ ન હોય એન્જીન નંબર જોતા HA10EA9HJ70874 લખેલ છે જે એન્જીન નંબર આધારે સદરહુ મો.સાના સાચા રજી નંબર ચેસીસ નંબર બાબતે એપ્લીકેશનમા ખરાઇ કરતા સદરહુ મો.સા.નો સાચો રજી નંબર GJ-05-FS-3937 તેમજ ચેસીસ નંબર MBLH10EJ9HJ21068 જેની કિ.રૂ ૨૦,૦૦૦/- ગણી કબ્જે કરેલ છે.

**પકડાયેલ આરોપી:-**

મછુન્દર દાનાભાઇ સોલંકી જાતે બાબર ઉ.વ ૨૭ ધંધો મજુરી રહે બીલા ગામ પ્લોટ વિસ્તાર તાબે ખુંટવડા તા જેસર જી ભાવનગર

**<u>કામગીરી કરનાર પોલીસ સ્ટાફઃ-</u>**

પોલીસ ઇન્સ. શ્રી પી.બી.જાદવ, પોલીસ સબ ઇન્સ. શ્રી કે.એમ.પટેલ, પો.સબ.ઇન્સ. શ્રી પી.બી.જેબલીયા તથા શ્રી બી.એચ.શીંગરખીયા તથા સ્ટાફનાં અના હેડ કોન્સ.હિરેનભાઇ હમલભાઇ સોલંકી તથા પો.કોન્સ. નિતીનભાઇ કનુભાઇ ખટાણા તથા પો.કોન્સ. હરીશ્ચદ્રસિંહ દિલુભા

